CCPS An AIChE Technology Alliance
Center for Chemical Process Safety
www.aiche.org/ccps

Process Safety Beacon
http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx
ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

This issue sponsored by
ioMosaic
www.iomosaic.com

# શું તમારો પ્લાન્ટ કુદરતી હોનારત થી અસર પામી શકે છે ?

જાન્યુઆરી -૨૦૧૮













By DigitalGlobe [CC BY-SA 3.0 (https://creativecommons.org/licenses/by-sa/3.0)], via Wikimedia Commons







તાજેતરના વર્ષોમાં આખી દુનિયામાં ઘણી કુદરતી હોનારતો સમાચારમાં હતી. ચિત્રોમાં કેટલાંક ઉદાહરણો દર્શાવેલ છે.

૧. મે ૨૦૧૬માં મેક મુરેયનો કિલ્લો, અલબર્ટા , કેનડા ના ઓઈલ બનાવતી કંપનીની આજુબાજુમાં લાગેલી તોફાની આગને સેટેલાઈટ ફોટામાં દર્શાવી છે.

૨. મેક મુરેય કિલ્લાની આગ

૩. ટેકસાસના દરીયા કિનારા તરફ ધસી રહેલું હાર્વે વાવાઝોડું તેની અધિકતમ શકિતમાં , ઓગસ્ટ ૨૦૧૭.

૪. હાર્વે  વાવાઝોડાને કારણે થયેલ વરસાદ થી હસ્ટન, હાર્વેમાં પુર.

૫. પ્રક્રિયા પ્લાન્ટમાં ઓર્ગેનિક પેરોકસાઈડ ભરેલું ટેન્કર ફાટયું કારણકે હાર્વે વાવાઝોડાને કારણે વીજળી જતી રહેતાં રેફ્રીજરેશન સીસ્ટમ ચાલુ થઈ શકી નહતી.

૬. મોટા ધરતીકંપ અને પછી આવેલી સુનામીને કારણે માર્ચ ૨૦૧૧માં ફુકુશીમા દાઈચી ન્યુકલીયર પાવર પ્લાન્ટમાં વીજળી જતી રહી હતી. કુલીંગ ઓછા પ્રમાણમાં મળવાથી ત્રણ ન્યુકલીયર રીએકટરો ઓગળી ગયા, હાઈડ્રોજન-હવાના ધડાકા અને રેડીયો એકટીવ મટીરીયલ નીકળવાનાં બનાવો બન્યા.

આ તથા તેના જેવી બીજી ઘટનાઓ એ પ્લાન્ટ ઉપર ઘણી મોટી અસર કરી અથવા કરી શકી હતી.

## તમે શું કરી શકો ?

- તમારાં પ્લાન્ટની કુદરતી આફત માટેની કટોકટી સામના અંગેની પધ્ધતિ વિશે સમજો અને તેની તૈયારીમાં , સામનો કરવામાં અને  તેમાંથી ફરીથી બેઠા થવાની પ્રક્રિયામાં તમારી ભૂમિકા વિશે સમજી લો. તમારાં પ્લાન્ટ ઉપર કેવી હોનારત થઈ શકે તેનો આધાર તમારો પ્લાન્ટ કયાં આવેલો છે અને તે જગ્યાએ કેવી કુદરતી આફત આવી શકે તેના ઉપર રહેલો છે.
- તમારી કટોકટી અંગેની તૈયારીમાં કોઈપણ આગોતરી અથવા ઓછી જાણ વગર આવતી કુદરતી આફતો જેવી કે ધરતીકંપો અને ટોરનાડો ત્રાટકે તો તેની ગણતરી કરી છે કે નહી તે તપાસો.
- ખાત્રી કરો કે તમારી તૈયારીમાં એવા કામદારોની ગણતરી કરવામાં આવી  છે જેઓ કુદરતી હોનારત વખતે કામ ઊપર હાજર રહેતા હોય કે હોનરત પછી તરત જ હાજર થતાં હોય. આવા કામદાર ને ટેકાની જરૂર હોય છે. (જેમ કે ખોરાક, રોકાવા માટે જગ્યા, કોમ્યુનિકેશન , વિગેરે) ત્યારે કદાચ રોડ અને બીજા જાહેર ઈન્ફ્રાસ્ટ્રકર્ચ કામ કરતાં બંધ થઈ ગયા હોઈ શકે.
- કુદરતી આફત તમારી જવાબદારીને કેવી રીતે અસર કરી શકે તે સમજો, ખાસ કરીને જ્યારે ચોકકસ પ્રકારના પ્રક્રિયા જોખમો આવેલા હોય - દા.ત.: ઉપર નોંધ નં. પાંચમાં દર્શાવેલ ઓર્ગેનીક પેરોક્ષકસાઈડનું ડીકંમ્પોઝીશન. તમારા કુદરતી આફત સામેના આયોજનનુ અધ્યયન કરો અને તપાસો કે આવા જોખમોને કાળજીપૂર્વક અને સંપૂર્ણપણે ગણતરીમાં લીધેલા છે.
- તમે એવું કશુંક ઓળખી કાઢો જે તમારા મતે અગત્યનું હોય અને જે તમારા અત્યારના પ્લાનમાં સામેલ નથી તો તમારી ચિંતાને તમારા સુપરવાઈઝર્સના ધ્યાનમાં લાવો જેથી પ્લાનમાં સુધારો કરી શકાય.
- જાણો કે કુદરતી હોનારત પછી કામદારો કારખાનામાં આવી ન પણ શકે અને જે કામદારો કામે હાજર છે તેઓ ઘરે પણ ન જઈ શકે. ખાત્રી કરો કે તમારા પ્લાનમાં આવી શક્યતાઓ અંગે અને થોડાક કામદારોની હાજરી વિશેની સંભાવનાઓને ધ્યાનમાં લીધેલ છે.
- તમારા અને તમારા પરિવાર વિશે વિવિધ કુદરતી હોનારત અંગેનો તમારો પોતાનો કટોકટીનો પ્લાન તમારાં કામ કરતાં હોય ત્યાં માટે અને ઘર માટે બનાવો. તમે અસરકારક કામ ન કરી શકો જ્યારે તમે તમારા કુટુંબ માટે વ્યથિત હોવ.
- નવેમ્બર ૨૦૦૫ અને જુન ૨૦૧૧ના સુરક્ષા બીકન કુદરતી આફતો સામે તૈયારી માટેની સલાહ માટે વાંચો.

## કુદરતી આફત સામે તૈયાર રહો !

©AIChE 2018. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.